# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ

**પરિપત્ર નં./ ૯૪ /૨૦૧૫**

**વિષય : એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન ફોર્મ ઓન લાઈન કરવા અંગે...**

શ્રીમાન,

આ યુનિવર્સિટીના ઓર્ડિ. – ૪૨ મુજબ પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતાં વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન કરાવવાનાં હોય છે. એનરોલમેન્ટ અને રજીસ્ટ્રેશનની કામગીરી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫–૧૬ થી યુનિવર્સિટી ધ્વારા ઓનલાઈન મૂકેલ સોફટવેરમાં કરવાની રહેશે.

વિધાર્થીઓ પાસે એનરોલમેન્ટ ફોર્મ ભરાવી તે ફોર્મની એન્ટ્રી કોલેજે યુનિવર્સિટી ધ્વારા નિર્ધારીત કરેલ ઓનલાઈન સોફટવેરમાં એન્ટ્રી કરવી અને તે સોફટવેર ધ્વારા તૈયાર થયેલ પત્રકો તેમજ એસ.બી.આઈ.માં ચલણ થી એન. ફી/રજી. ફી જમા કરાવી ચલણની ઝેરોક્ષ નકલ સાથે યુનિવર્સિટીમાં <u>મોડા માં મોડા **તા.૨૪–૮–૨૦૧૫**</u> સુધીમાં જમાં કરાવવાનાં રહેશે. ત્યાર બાદ કોઈપણ સંજોગોમાં એન.ફોર્મ /રજી.ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ.જેની નોંધ લેશો.

આ પ્રોગ્રામ ધ્વારા કરવામાં આવેલ એન્ટ્રીનો ઉપયોગ પરીક્ષા ફોર્મમાં પણ કરવાનો રહેશે. આથી કોઈ પણ વિધાર્થીનાં <u>નામના સ્પેલીંગમાં કે અન્ય વિગતમાં જો ભુલ થયેલ હશે તો તેની સઘળી જવાબદારી સંબધિત વિધાર્થીની અને કોલેજની રહેશે. જેથી વિધાર્થીનાં નામ/સરનામાની એન્ટ્રી ચિવટપુર્વક કરી તેની જરૂરી ચકાસણી કરી યુનિ.ને મોકલવાનાં રહેશે.</u>

૧. એન./ રજીસ્ટ્રેશન ફોર્મનો નમુનો ઓન લાઈન મૂકેલ છે. ઓનલાઈન મૂકેલ ફોર્મમાં જ તમામ વિગતોની એન્ટ્રી કરવાની રહેશે.
૨. એન. ફોર્મ માં વિધાર્થીના નામ ધો.12th ની માર્કશીટ પરથી લેવા જયારે રજી.ફોર્મ માટેછેલ્લી ટી.વાય.ની માર્કશીટ પરથી લેવા.
૩. ઓનલાઈન એન્ટ્રી થયેલ ફોર્મ મુજબ **એનરોલમેન્ટ / રજીસ્ટ્રેશન ફી રૂા. ૧૦૦ /–** ફોર્મ દીઠની રકમ ઓનલાઈન એસબીઆઈની કોઈ પણ શાખામાં ચલણ થી **રજીસ્ટાર, હેમ.ઉ.ગુ.યુનિ.**ના ખાતામાં જમા કરાવવાનાં રહેશે.ત્યાર બાદ જમા કરાવેલ ચલણની નકલ યુનિ.માં જમા કરાવવી. <u>**સદર નાણાં તા.૨૨–૮–૨૦૧૫ સુધીમાં બેન્કમાં જમા કરાવવાનાં રહેશે.ત્યાર બાદ નિયમાનુસાર લેઈટ ફી લેવામાં આવશે.**</u>
૪. જે તે વિધાશાખામાં વિધાર્થીને પ્રવેશ આપતી વખતે જે તે વિધાર્થી યુનિવર્સિટીના નિયમાનુસાર પ્રવેશ પાત્રતા ધરાવે છે તેની ખાત્રી કોલેજે કરી લેવી જરૂરી છે. પ્રવેશપાત્રતા ન ધરાવતાં વિધાર્થીઓનાં પ્રવેશ રદ કરવામાં આવશે. તેની જવાબદારી આપની સંસ્થાની રહેશે.
૫. ઓનલાઈન એન્ટ્રી કરવા માટે <u>www.hngu.net</u> લોગીન કરવુ. ઓન લાઈન એન્ટ્રી માટે કોઈ પણ પ્રકારની મુશ્કેલી પડે તો **મોબાઈલ નંબર–૯૭૨૫૩૪૭૦૩૩ // ૯૭૨૫૩૪૭૦૫૫** ઉપર સંપર્ક કરશો.
૬. સદર ઓનલાઈન એન્ટ્રી માટે વિધાર્થીનો ફોટો અને તેની સહી સ્કેન કરીને કાર્યવાહી કરવાની રહેશે. વિધાર્થીનો ફોટો અને સહી સ્કેન કર્યા વગરનું ફોર્મ કોઈ પણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહિ.
૭. એન.ફી /રજી.ફી યુનિ.ની વેબ સાઈટ **<u>www.ngu.ac.in</u>** ધ્વારા **Enrolment-2015 → PROCEED- →STATE-GUJARAT-** પસંદ કરવુ , → **TYPE→ EDUCATIONAL INSTITUTIONS → GO EDUCATIONAL INSTITUTIONS→ REGISTRAR HNGU PATAN → SUBMIT SELECT CATEGORY→ ENROLMENT/REGISTRATION** પસંદ કરવુ **ત્યાર બાદ તમારી કોલેજની વિગતો માંગ્યા મુજબની ભરવી.ચલણ ની કોપી કાઢવી, તે ચલણથી જ બેન્કમાં નાંણા ભરવા. બીજા દિવસે તે સાઈટ પર જઈ તેની પહોંચ મેળવી લેવી, ત્યાર બાદ પહોંચની ઝેરોક્ષ નકલ આચાર્યની સહી,સિકકા સાથે યુનિ.માં એન્ટ્રી કરેલ લીસ્ટની કોપી સાથે જમા કરવાનું રહેશે.**

આ પધ્ધતિમાં સંપૂર્ણ સહકાર આપશો તેવી અપેક્ષા સહ.

કુલસચિવ વતી

*નં.એકે/પ્રવેશ/ ૧૫૩૦/૨૦૧૫*
*યુનિવર્સિટી રોડ, પો. બો. નં. ૨૧*
*પાટણ – ૩૮૪૨૬૫*
*તા. ૧૦ /૦૬ /૨૦૧૫*

પ્રતિ,

યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ તરફ તથા યુનિ.ના તમામ અનુ. વિભાગોના અધ્યક્ષશ્રીઓ તરફ